# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/

150 YEARS OF CELEBRATING THE MAHATMA


ક્રમાંક: યોજના/સ્કોલરશીપ/૨૦૧૯/૯૧

તા.૨૦/૦૨/૨૦૧૯

પ્રતિ,

આચાર્યશ્રી

માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક-તમામ

ભાવનગર

વિષય : Digital Gujarat Portal પર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, લઘુમતી, વિચરતી અને વિમુક્તિ જાતિના વિદ્યાર્થીઓના પ્રિમેટ્રીક અને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતી યોજનાઓના ઓનલાઇન ફોર્મ ભરવા બાબત.

સંદર્ભ : કમિશ્નરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગરના પત્રાંક : ક-૨/સ્કો/૨૦૧૯/૫૭૭-૬૧૪ તા.૧૮/૦૨/૧૯

ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવવાનું કે માધ્યમિક અને ઉ.મા. શાળાના આચાર્યશ્રીઓએ સંદર્ભિત પત્રમાં જણાવ્યા મુજબ નિયમોનુસાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ લાગુ પડતી જે તે પ્રિમેટ્રીક કે પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તેવી કાળજી સાથે ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ ના ઓનલાઇન ફોર્મ ભરવા માટે સૂચના આપવામાં આવે છે. પાત્રતા ધરાવતો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃતિ મેળવવા માટે શાળા કક્ષાએથી વંચિત રહેશે તો તે અંગે ઉભા થનાર પ્રશ્નો માટેની જવાબદારી જે તે શાળાની અંગત રહેશે. <u>બિડાણમાં આવેલ પત્ર ચિવટ પૂર્વક વાંચી નિયમોનુસારની કાર્યવાહી સમયમર્યાદામાં કરવામાં જણાવવામાં આવે છે</u>.

બિડાણ- સંદર્ભદર્શિત પત્ર

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર
For

<u>નકલ રવાના અમલવારી સારૂ:</u>

શિ.ની.શ્રી/મ.શિ.ની.શ્રી

સદર કચેરી

Scanned by CamScanner

ખુબ જ અગત્યનું

ટોચ અગ્રતા

ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૧૯/૫૭૭-૬૧૪
કમિશનર, શાળાઓની કચેરી,
બલોકનં:૦૯ ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર
તા.૨૬/૦૨/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા- તમામ

વિષય:-Digital Gujarat Portal પર અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાતવર્ગ, લઘુમતી, વિચરતી અને વિમુક્તિ જાતિના વિદ્યાર્થીઓના પ્રિમેટ્રીક અને પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ઓનલાઇન ફોર્મ ભરવા બાબત

સંદર્ભ: (૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:અજાક /ગ-૧/૫/૧૮-૧૯/૨૦૫-૨૦૯ તા.૫/૧/૨૦૧૯

(૨) આ કચેરીના આ અગાઉના પત્ર ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૧૮/૩૩૯૫-૩૮૯૪ તા.૫/૧૧/૨૦૧૮

(3) આ કચેરીના આ અગાઉના પત્ર ક્રમાંક:હ-૨/સ્કો/૨૦૧૮/૩૬૨૦-૫૯ તા.૬/૧૨/૨૦૧૮

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાતવર્ગ, લઘુમતી, વિચરતી અને વિમુક્તિ જાતિના વિદ્યાર્થીઓની વર્ષ ૨૦૧૮-૧૯ માટેની પ્રિમેટ્રીક-પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનો અમલ ગત વર્ષની જેમ ચાલુ વર્ષ સને.૨૦૧૮-૧૯માં પણ Digital Gujarat Portal મારફતે કરવામાં આવેલ છે.

પ્રિમેટ્રીક-પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત વિદ્યાર્થીઓના શિષ્યવૃત્તિઓના ઓનલાઇન ફોર્મ વિદ્યાર્થીઓ પાસે ભરાવી સબંધિત શાળા મારફતે ચકાસણી કરાવી સમાજ કલ્યાણ ખાતાની જિલ્લા કચેરી મારફતે અરજીઓ મંજુર કરી ચૂકવણું કરવામાં આવે છે. શાળાએ વિદ્યાર્થીઓના ઓનલાઇન ફોર્મ કેવી રીતે ચકાસવા, મંજુર/નામંજુર કરવા તે અંગે જરૂરી પરીપત્રો કરેલ છે તેમજ પોર્ટલ અંગેની તાલીમ પણ સમાજ કલ્યાણ ખાતા તરફથી આ અંગેના કાર્યક્રમો કરીને આપેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગાંધીનગર ખાતે યોજનાઓની સમીક્ષા અંગેની સાપ્તાહિક બેઠકમાં થયેલ ચર્ચા મુજબ સમાજ કલ્યાણ ખાતાની કચેરીઓને રજૂઆતો મળેલ છે કે શાળાઓ તરફથી વિદ્યાર્થીઓને પૂરતું માર્ગદર્શન આપવામાં આવતું ન હોવાથી વિદ્યાર્થીઓ સમયમર્યાદામાં ફોર્મ ભરી શકતા નથી અને અન્ય કોઇ જગ્યાએ ઓન લાઇન ફોર્મ ભરવા જવું પડે છે. જેના કારણે વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિના લાભથી



Scanned by CamScanner

વંચિત રહેવા સંભવ છે. વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિના ફોર્મ જે તે શાળા ખાતે માર્ગદર્શન આપીને ત્યાં જ ભરવા માટે ઉકત સંદર્ભ-૨થી આ અગાઉ પણ જણાવેલ છે.

આમ, ઉક્ત બાબતો ધ્યાને લઇ માધ્યમિક અને ઉ.મા. શાળાઓના આચાર્યશ્રીઓએ નિયમોનુસાર કોઇપણ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓ લાગુ પડતી જે તે પ્રિમેટ્રીક કે પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તેવી કાળજી સાથે ચાલુ વર્ષ ૨૦૧૮-૧૯ના ઓનલાઇન ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓને મદદરૂપ થઇને આ કામગીરીને ટોચ અગ્રતા આપીને તાત્કાલિક ધોરણે પૂર્ણ કરવા માટે આપના તાબા હેઠળની તમામ શાળાઓને સૂચના આપવા જણાવવામાં આવે છે. પાત્રતા ધરાવતો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી મેળવવા માટે શાળા કક્ષાએથીજ વંચિત રહેશે તો તે અંગે ઉભા થનાર પ્રશ્નો માટેની જવાબદારી જે તે શાળાની નકકી કરવામાં આવશે.

સંયુક્ત નિયામક
કમિશનર, શાળાઓની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ સવિનય રવાના:

૧. માન. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તરફ વિનંતી સહ જાણ થવા સારૂ
૨. કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, ગાંધીનગર તરફ વિનંતી સહ જાણ થવા સારૂ
૩. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ વિનંતી સહ જાણ થવા સારૂ
૪. નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ વિનંતી સહ જાણ થવા સારૂ

jrd sruti

Scanned by CamScanner